GJDH030025172025

क्रिमिनल કેસ નં. ૨૨૩૧/૨૦૨૫
શ્રી સરકાર
વિરુદ્ધ
રૂપેશભાઇ સુરેશચંદ્ર સોલંકી

सत्यमेव जयते

**Form–A, R.179A of Cr. Manual**

મહેરબાન દેવગઢ બારીઆના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
શ્રી(એસ. આર. વકીલ) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. દેવગઢ બારીઆ

આંક –૧૫

| | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | : | ૩૧/૦૭/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | : | ૨૨૩૧/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન / એફ.આઈ.આર. નંબર | : | પીપલોદ પોલીસ સ્ટેશન<br>પાર્ટ બી ગુના રજી. નં. ૧૧૮૨૧૦૫૨૨૫૦૪૨૩/૨૦૨૫ |
| ગુનો | : | વિસ્ફોટક અધિનીયમની કલમ–૯(બી) તથા બી. એન. એસ. કલમ–૨૮૮ મુજબ |
| ફરિયાદી | : | શ્રી સરકાર |
| ફરિયાદી તરફે | : | વિદ્વાન એ.પી.પી. શ્રી એસ. એમ. ડામોર |
| આરોપી | : | **રૂપેશભાઇ સુરેશચંદ્ર સોલંકી,**<br>રહે. મકાન નં. ૩૩૮ રાજ રાજેશ્વરી નોવેલ્ટી પીપલોદ બજાર, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ. |
| આરોપી તરફે | : | વિદ્વાન વકીલ શ્રી એમ. એન. રાણા |

**Form–B, R.179A of Cr. Manual**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૧૦/૦૪/૨૦૨૫ |
| ફરિયાદની તારીખ | : | ૧૦/૦૪/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | : | ૧૬/૦૬/૨૦૨૫ |
| તહોમતનામુ/પ્લીની તારીખ | : | ૨૩/૦૬/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૨૩/૦૬/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૩૧/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૩૧/૦૭/૨૦૨૬ |

S.R.Vakil
JMFC, Devgadh Baria

| | | |
|---|---|---|
| સજા કરી હોય તો સજા તારીખ | : | લાગુ પડતું નથી. |
| સમયગાળો | : | **૦૧ વર્ષ ૦૧ મહિના ૧૫ દિવસ** |

**:: આરોપીની વિગત ::**

| અનુક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન કે નિર્દોષ | સજા | Cr.P.C. કલમ ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | રૂપેશભાઇ સુરેશચંદ્ર સોલંકી | ૧૦/૦૪/૨૦૨૫ | ૧૦/૦૪/૨૦૨૫ | વિસ્ફોટક અધિનીયમની કલમ-૯(બી) તથા બી. એન. એસ. કલમ-૨૮૮ મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | નથી |

**Form-C, R.179A of Cr. Manual**

**:: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ ::**

**(એ) ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :- (સી. આર. પી. સી કલમ ૨૭૬ મુજબ)**

| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | ૦૬ | ઇશ્વરભાઇ સોનીયાભાઇની જુબાની | ફરિયાદી |
| ૦૨ | ૦૮ | ઇશ્વરભાઇ પર્વતભાઇ પટેલની જુબાની | પંચસાહેદ |
| ૦૩ | ૧૦ | નરવતભાઇ પ્રતાપભાઇ પટેલની જુબાની | પંચસાહેદ |
| ૦૪ | ૧૪ | દિપ્તીનભાઇ મુળજીભાઇની જુબાની | ત.ક.અમલદાર |

**(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :-**

| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :-**

| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**S.R.Vakil**
**JMFC, Devgadh Baria**

:: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત ::

| (એ) ફરિયાદપક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજ : | | |
|---|---|---|
| અનુક્રમ | આંક | દસ્તાવેજ ની વિગત |
| ૦૧ | ૦૭ | ફરિયાદ |
| ૦૨ | ૦૯ | મુદ્દામાલ રીકવરી પંચનામું |
| (બી) બચાવપક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજ : | | |
| અનુક્રમ | આંક | દસ્તાવેજ ની વિગત |
| – | –– | –– |
| (સી) કોર્ટ પક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજ : | | |
| અનુક્રમ | આંક | દસ્તાવેજ ની વિગત |
| – | –– | –– |

**–//જજમેન્ટ//–**

(૦૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તા. ૧૦/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૪:૧૦ વાગે મોજે મકાન નં. ૩૩૮ રાજેશ્વરી નોવેલ્ટી, પીપલોદ બજારમાં આ કામના આરોપીએ ફાયર સેફ્ટીના સાધનો તેમજ કોઇ પણ પ્રકારના લાયસન્સ કે પરવાના વગર ફટાકડાની દુકાન ચલાવી વેચી વેપાર ધંધો કરી મળી આવી ગુનો કરેલ છે. જેથી આ કામના ફરિયાદીએ સદર બનાવ અંગેની ફરિયાદ પીપલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે.

(૦૨) ફરિયાદીની સદર ફરિયાદ પીપલોદ પોલીસ સ્ટેશને પાર્ટ બી ગુના રજી. નં. ૧૧૮૨૧૦૫૨૨૫૦૪૨૩/૨૦૨૫ થી નોંધી તેની તપાસ હાલના તપાસ કરનાર અમલદારશ્રીને આપતાં તેઓએ તપાસના કામે મુદ્દામાલ રીકવરી પંચનામુ મેળવી જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપીની વિરૂધ્ધ ફરીયાદવાળી ગુન્હાના કામે પુરતા પુરાવા પડતાં હોય તે બદલનું વિસ્ફોટક અધિનીયમની કલમ–૯(બી) તથા બી. એન. એસ. કલમ–૨૮૮ મુજબની ચાર્જશીટ ફાઇલ કરતાં હાલના કામની ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટેના સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેમના વિ. વકીલશ્રી સાથે અદાલત રૂબરૂ ઉપસ્થિત થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૩૧ મુજબ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપવા બદલની ખાત્રી કર્યા બાદ આરોપીની સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ માં કરવામાં આવેલી

S.R.Vakil
JMFC, Devgadh Baria

જોગવાઇ મુજબ સદર કેસ વોરંટ ટ્રાયેબલની રીતે ચલાવી આંક-૦૪ થી આરોપીની સામે તહોમતનામુ ફરમાવી આંક-૦૫ થી આરોપીનું સ્ટેટમેન્ટ રેકર્ડ કરતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઇન્કાર કરેલ છે.

(૦૩) ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાની મૌખિક જાહેરાત કરતાં આ કામે રેકર્ડ ઉપર પુરાવો ધ્યાને રાખતાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે અને જણાવેલ છે કે તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે. તેઓ નિર્દોષ છે અને છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૦૪) ફરિયાદપક્ષ તર્ફે વિદ્વાન એ.પી.પી. શ્રી તથા આરોપી તર્ફે વિદ્વાન વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ દલીલો તથા રજૂ થયેલ પુરાવાઓ વંચાણે લેતા આ ફરિયાદનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

**-:: મુદ્દા ::-**

**૧.** શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઇ તા. ૧૦/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૪:૧૦ વાગે મોજે મકાન નં. ૩૩૮ રાજેશ્વરી નોવેલ્ટી, પીપલોદ બજારમાં આ કામના આરોપીએ ફાયર સેફટીના સાધનો તેમજ કોઇ પણ પ્રકારના લાયસન્સ કે પરવાના વગર ફટાકડાની દુકાન ચલાવી વેચી વેપાર ધંધો કરી મળી આવી વિસ્ફોટક અધિનીયમની કલમ-૯(બી) તથા બી. એન. એસ. કલમ-૨૮૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

**૨.** શું હુકમ?

(૦૫) ઉપરોકત મુદ્દાઓનાં મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

(૦૬) ફોજદારી કાર્યરીતી પ્રણાલી પ્રમાણે ફરીયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનાઓ હરકોઇ શંકાથી પર સાબિત કરવાનો હોય અને તે મુજબ આ જવાબદારી ફરીયાદ પક્ષના શીરે છે. સાથો સાથ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૧૩૪ મુજબ સાહેદોનો જથ્થો મહત્વનો નથી પરંતુ સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની છે. જે પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લઇ પુરાવાકીય મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૦૭) સદર કામે રજુ થયેલ પુરાવા તથા રેકર્ડ ઉપરના દસ્તાવેજો ધ્યાને લેતાં આ કામે ગુનાવાળી

જગ્યાના તથા મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચસાહેદો હોસ્ટાઇલ થયેલ છે. તેમજ સદર કામે આંક-૦૬ થી ફરિયાદી ઇશ્વરભાઇ સોનીયાભાઇનાઓને તપાસેલ છે. જેઓ પોલીસ સાહેદ હોય રેકર્ડ મુજબની જુબાની આપેલ છે. જયારે સદર ફરિયાદી તેમની ઉલટ તપાસમાં એ હકિકત કબુલ રાખે છે કે આ બનાવની બાતમી તેઓને મળેલ નહી. તેમજ એ હકિકત કબુલ રાખે છે કે ડીસામાં જે આગનો બનાવ બનેલ હતો તે અનુસંધાને તેઓ તથા પોલીસ સ્ટાફ પીપલોદ તાલુકામાં તે બાબતની તપાસ કરવા નીકળેલ. આરોપીના મકાનની તપાસ કરેલ તે સિવાય બીજા બે થી ત્રણ મકાનોની તપાસ તેઓએ કરેલ. તેમજ એ હકિકત કબુલ રાખે છે કે ફરિયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી. તેમજ એ હકિકત કબુલ રાખે છે કે બનાવવાળું મકાન તથા દુકાન કોની માલિકીનું છે તે બાબતે કોઇ દસ્તાવેજી પુરાવા ચકાસેલ નહી. તેમજ સદર કામે ફરિયાદ પક્ષે ત.ક.અ. દિપીનભાઇ મુળજીભાઇનાઓને આંક-૧૪ થી તપાસેલ છે. જેઓ પોલીસ સાહેદ હોય રેકર્ડ મુજબની જુબાની આપેલ છે. જયારે સદર સાહેદ તેમની ઉલટ તપાસમાં એ હકિકત કબુલ રાખે છે કે બનાવવાળા સ્થળ પર મકાન આવેલ છે. તેમજ એ હકિકત કબુલ રાખે છે કે બનાવવાળી જગ્યા પીપલોદ બજારમાં આવેલી છે. તેમજ એ હકિકત કબુલ રાખે છે કે મકાન કોની માલિકીનું હતુ તે બાબતે કોઇ આધાર પુરાવા મેળવેલ નહી. તેમજ એ હકિકત કબુલ રાખે છે કે તપાસના કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નહી.

(૦૮) આમ, ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા જયારે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ છે તે બાબતે પંચો સમર્થન કરતા ન હોય તો પોલીસ સાહેદોના પુરાવાને માની શકાય નહી. અત્રે એ નોંધવુ આવશ્યક છે કે, પોલીસ સાહેદોના પુરાવાને અત્રેની અદાલત નકારતી નથી પરંતુ પોલીસ સાહેદોના પુરાવાને કોઇ સ્વતંત્ર સાહેદો અથવા કે રીકવરી ડીસ્કવરી પંચોનો પુરાવો સમર્થનકારક હોવો જરૂરી છે ફકત પોલીસ સાહેદોના નિવેદન ઉપરથી અને ફરીયાદ ઉપરથી તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. યાદવેન્દ્રસીંગ સરદારીંગ સુરજીતસીંગ જાટ અને બીજા જી.એલ.આર. ૨૦૧૬(૪) પેજ નં. ૩૧૫૯ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો **"On perusal of entire evidence on record, this Court finds that while P.S.I. received secret information, then, he could ot have carried out all the investigations as regards carrying out raid, lodging complaint, carrying out all the investigation and even filing of charge-sheet. In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and bases upon such investigation, no**

**conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration."**

(૦૯) આમ, સદર કામે રજુ થયેલ પુરાવા ઉપરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે સદર મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ હોય તેવો કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેમજ સદર આરોપીની ગુનાના કામે કોઇ પણ પ્રકારની સંડોવણી હોય તેવું રેકર્ડ પર આવેલ નથી. સદર મુદ્દામાલ જે મકાનમાંથી કબજે કરવામાં આવેલ છે તે મકાન આરોપીની માલિકીનું જ છે તે બાબતે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. જેથી મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ હોય તેવું પુરવાર થઇ શકેલ નથી. જેથી આરોપીની પ્રત્યક્ષ સંડોવણી ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૦) વધુમાં સદર કામે મુદ્દામાલ પંચસાહેદો પંચનામાને સમર્થન કરતાં નથી. આ બાબતને ધ્યાને લઇ **નામદાર સર્વોચ્ચ અદાલતના પ્રદિપકુમાર વિરૂધ્ધ છતીસગઢ ૨૦૨૩(૦) એ.આઇ.જે.ઇ.એલ. એસ.સી. ૭૦૬૧૧** ને વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે જયારે બે મત પડી શકતાં હોય એક સજા અને એક નિર્દોષ ત્યારે આરોપીની તરફેણવાળો મત અપનાવવો જોઇએ.

(૧૧) આમ ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સ્પષ્ટપણે નિષ્ફળ થયેલ છે અને તેથી બેનીફીટ ઓફ ડાઉટ આરોપીને જાય તેમ છે જેથી પ્રબંધો જોતાં જયારે ફરિયાદ પક્ષ પોતાના સાક્ષી પુરાવાથી કેસની ખરી અને યોગ્ય હકીકતો સાબીત કરવામાં સફળ ન રહે તો શંકાનો લાભ આરોપીને આપવાનું મને યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે જયારે કોઇ કેસમાં શંકા ઉદભવે ત્યારે આરોપીને તકશીરવાન ઠરાવી શકાય નહી અને આ બાબતે હાલની કોર્ટ નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા પર આધાર રાખે છે. **JABBARSIH VS STATE OF HARIYANA 2015(2) CRIMES 130 S.C. WHERE EVIDENCE IS CONTRADICTORY ANF\D UNBELIVABLE AND INVESTIGATION IS FAULTY ACCUSED WOULD BE ENTITILE FOR BENIFIT OF DOUBT.** આમ ઉપરોકત ચુકાદો જે હાલના કેસને લાગુ પડે છે.

(૧૨) આમ, આ કામના આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ફરિયાદ પક્ષ શંકાથી પર સાબિત કરી શકેલ ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**S.R.Vakil**
**JMFC, Devgadh Baria**

**-:: હુકમ ::-**

- આ કામના આરોપીને વિસ્ફોટક અધિનીયમની કલમ-૯(બી) તથા બી. એન. એસ. કલમ-૨૮૮ મુજબનાં ગુના સબબનાં કામે શંકાનો લાભ આપી નીર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.
- ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૪૮૧ મુજબ આરોપીએ આપેલ જામીન ૬ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ-૩૧મી, માહે-જુલાઇ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : દેવગઢ બારીઆ.**
**તારીખ:૩૧/૦૭/૨૦૨૬**

**(સેતુલ રણછોડભાઈ વકીલ)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**દેવગઢ બારીઆ**
**જજ કોડ નં. જી.જે. ૦૧૫૩૭**

**S.R.Vakil**
**JMFC, Devgadh Baria**